શ્રી.કુ. પી.એમ.પટેલ, પ્રિસાઈડીંગ ઓફીસર, મજુર અદાલત, ગાંધીધામ–કચ્છ.

રેફરન્સ એલ.સી.બી. નં. ૫૧/૨૦૧૧

શ્રી. પી. આનંદરાવ,
ઠે. એમઆઈજી–૪૮, બ્લોક નં. ૭૪, રૂમ નં. ૮૨૯,
જી.એચ.બી. કોલોની,
ગાંધીધામ. અરજદાર....

વિરૂઘ્ધ

એસ.જી.એસ. ઈન્ડીયા પ્રા.લી.,
પ્લોટ નં. ૧૩૦, સેકટર નં. ૮,
ઓસ્લો થિયેટરની બાજુમાં,
ગાંધીધામ–કચ્છ.–૩૭૦૨૦૧. સામાવાળા....

હાજર રહયા :– અરજદાર તરફે :– શ્રી. જી.આર.ઠાકર, એડવોકેટ.
સામાવાળા તરફે :– શ્રી. પી.આર.જોષી, એડવોકેટ.

## એવોર્ડ

**૧.** આ રેફરન્સ આંક–૧ થી મદદનીશ શ્રમ આયુકત, ગાંધીધામના હુકમ ક્રમાંક કેએચ/એસએચ/એમસી–આર/એજ/એસ–૪૬/૨૦૧૧મશ્રઆ/ગાંધીધામ તા.૬/૭/૧૧ ના પત્રથી અત્રેની અદાલતને સુપરત કરેલ છે . રેફરન્સની અનુસુચિ નીચે મુજબ છે.

''શ્રી. પી. આનંદરાવને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મુળજગ્યાએ પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**૨.** સદર રેફરન્સ દાખલ થતા આંક–૨ થી પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી ગયેલ છે. અરજદાર તરફે આંક–૫ થી શ્રી. જી.આર. ઠાકરનું વકીલપત્ર રજુ થયેલ છે. સામાવાળા તરફે આંક–૧૦ થી શ્રી. પી.આર. જોષીનું અધિકારપત્ર રજુ થયેલ છે.

**3.** આંક–૬ થી અરજદાર તરફે માગણાનું નિવેદન રજુ થયેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર સામાવાળાને ત્યાં સને ૧૯૯૨ ની સાલમાં કેઝ્યુલ કામદાર તરીકે નોકરીમાં જોડાયેલ ત્યારથી એકધારી અને સળંગ નોકરી કરતા હતા. અરજદાર છેલ્લે સર્વે આસી. (૨) ના હોદા ઉપર ફરજ બજાવતા હતા. અરજદારને છેલ્લે રૂા. ૧૨૦૯૧/–પગાર ચુકવવામાં આવતો હતો. અમો અરજદારની લાંબી નોકરી થતા સામાવાળા તરફથી અરજદારને તા. ૯/૭/૨૦૦૯ ના રોજ એવો ભય બતાવેલ કે '' તમારી નોકરીના હકક હિસ્સા લઈ લો. બ્રાંન્ચ બંધ થાય તેમ છે. પછી તમારા હકક હિસ્સા તમને મળશે નહીં. અને તેમ નહી કરો તો નાઈલાજે તમોને છુટા કરવા પડશે. '' આમ અરજદાર પાસે આ જ તારીખે એટલે કે તા. ૯/૭/૦૯ ના રોજ લખાણ લઈ અરજદારની નોકરીના હકક હિસ્સા છીનવી લીધેલા છે અને આ જ તારીખે છુટા કરેલા છે. અમો અરજદારને આ રીતે નોકરીમાંથી છુટા કર્યા બાદ ઘણા કામદારોને રોજમદાર તરીકે રાખવામાં આવેલ અને તેમને કાયમી પણ કરવામાં આવેલ છે. આ સમયે અરજદારને નોકરી ઉપર પરત આવવા જાણ કરેલ નથી કે કોઈ ઓફર કરેલ નથી. આમ સામાવાળાએ અમો અરજદારને ગુમરાહ કરી લાંબી નોકરીમાંથી દુર કરવા કીમીયો રચીને લખાણ લઈ તેને '' સ્વૈચ્છિક '' માં કન્વર્ટ કરેલ છે. જે સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરબંધારણીય અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે. અરજદારને નોકરીમાંથી દુર કર્યા બાદ સામાવાળાએ જુનિયર કામદારોને નોકરીમાં ચાલુ રાખેલ હતા. અરજદારની જગ્યાએ નવા માણસોને રોજમદારમાં રાખી આઈ.ડી. એકટની જોગવાઈઓનો ભંગ કરેલ છે. અરજદારને નોકરી દરમિયાનના હકક હિસ્સા આપેલ નથી. અરજદારને નોટીસ,નોટીસ પગાર કે છટણી વળતર ચુકવેલ નથી. અરજદારને નવા માણસોની ભરતી વિશે જાણકારી મળતા અને સામાવાળાને તે બાબતે જણાવતા સામાવાળાએ એવો વિશ્વાસ આપેલ કે, અમો તમને ફરીથી નોકરીમાં લઈ લેશું પરંતુ સામાવાળા તરફથી અરજદારને તા. ૨૪/૦૨/૧૧ સુધી નોકરીમાં લઈ લેવામાં આવેલ નહી જેથી નાછુટકે સામાવાળાને તા. ૨૫/૦૨/૧૧ ના રોજ નોટીસ આપવાની ફરજ પડેલ છે. જે નોટીસનો સામાવાળાએ તા. ૨૮/૩/૧૧ ના રોજ ખોટો પ્રત્યુતર પાઠવેલ છે. આમ સામાવાળાએ આઈ.ડી. એકટની કલમ–૨૫ (જી), કલમ–૨૫ (એચ) તથા આઈ.ડી. એકટના નિયમ ૮૧ નો તથા કુરદતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરેલ છે. અરજદારને છુટા કર્યા બાદ અરજદારે બીજે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ છે પરંતુ સામાવાળા જેવી નોકરી મળેલ નથી. અમો અરજદાર જેમ તેમ કરીને અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. આથી આ કામના અરજદારને મુળજગ્યાએ પડેલ રોજના પુરા પગાર સહિત તથા તમામ પ્રકારના આનુસાંગિક લાભો સાથે તથા તમામ પ્રકારના અન્ય મળવાપાત્ર લાભો સાથે સળંગ નોકરીમાં પુન:સ્થાપિત થવા દાદ માંગેલ છે. આ રેફરન્સ ખર્ચના રૂા. ૧૫,૦૦૦/– અપાવવા વિનંતી કરેલ છે.

**૪.** આ કામમાં આંક-૧૩ થી સામાવાળા સંસ્થા તરફે લેખિત જવાબ રજુ થયેલ છે અને તેમાં અરજદારના માગણાના નિવેદનની હકીકતનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે જે લેખિત જવાબ વંચાણે લીધો.

**૫.** આંક-૧૭ થી અરજદાર તરફે પ્રોડકશન અરજી રજુ કરેલ છે. આંક-૧૮ થી સામાવાળા સંસ્થા તરફે પ્રોડકશન અરજીનો જવાબ રજુ કરેલ છે.

**૬.** આંક-૨૦ થી સામાવાળા સંસ્થા તરફે પ્રોડકશન અરજી રજુ કરેલ છે અને અરજદારની અસલ પાસબુક બેંકમાં રજુ કરાવવા અંગે વિનંતી કરેલ છે. જે અન્વયે અરજદાર તરફથી આંક-૨૨ થી પુરશીશ રજુ કરેલ છે.

## ૭. અરજદાર તરફે આંક-૧૪ ના લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | દસ્તાવેજની વિગત | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | સામાવાળાએ અરજદારને તા. ૧/૧/૯૯ ના રોજ આપેલ નિમણુંક હુકમ. | -- | ૪૫ |
| ૨ | અરજદારે સામાવાળાને તા. ૨૫/૨/૧૧ ના રોજ આપેલ લીગલ કમ ડીમાન્ડ નોટીસ. | | ૪૬ |
| ૩ | સામાવાળાએ અરજદારની તા. ૨૫/૨/૧૧ ના રોજ આપેલ લીગલ કમ ડીમાન્ડ નોટીસનો જવાબ | | ૪૭ |

## ૮. અરજદાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :- _

અરજદાર શ્રી. પી. આનંદરાવનું પુરાવાનું સોગંદનામુ આંક-૨૭
આંક-૭૩ થી અરજદાર તરફે કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

## ૯. <u>સામાવાળા તરફે  આંક–૧૫ અને આંક–૨૫ ના લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :–</u>

| ક્રમ | દસ્તાવેજની વિગત | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | અરજદાર અને સામાવાળાના યુનિયન વચ્ચે થયેલ સમાધાન એગ્રીમેન્ટની નકલ. | | ૪૮ |
| ૨ | સામાવાળાએ અરજદારના યુનિયનને ચુકવેલ કોસ્ટની રકમ અંગેનો પત્ર. | | ૪૯ |
| ૩ | સામાવાળાએ તા. ૮/૭/૧૩ ના રોજ બહાર પાડેલ વી.આર.એસ. સ્કીમની નકલ. | | ૫૦ |
| ૪ | અરજદારે સામાવાળાને તા. ૮/૭/૧૩ ના રોજ વી.આર.એસ. સ્કીમ સ્વિકારવા કરેલ અરજીની નકલ. | | ૫૧ |
| ૫ | સામાવાળા કંપનીએ અરજદારને લખેલ તા. ૯/૭/૦૯ ના પત્રની નકલ. | | ૫૨ |
| ૬ | અરજદારને ચુકવેલ વી.આર.એસ. રકમની રીસીપ્ટ કમ ડેકલેરેશનની નકલ. | | ૫૩ |
| ૭ | અરજદારને વી.આર.એસ. તળે ચુકવેલ ટોટલ રકમના લીસ્ટની નકલ. | | ૫૪ |
| ૮ | તા. ૭/૧/૦૮ થી તા. ૩૧/૧/૦૯ નું હાજરીપત્રક (ઓફીસ સ્ટાફ) | | ૫૫ |
| ૯ | તા. ૧/૫/૦૮ થી તા. ૨૪/૧/૧૦ નું હાજરીપત્રક (જી.આઈ.ડી.સી.) | | ૫૬ |
| ૧૦ | તા. ૧૮/૯/૦૮ થી તા.૧/૨/૦૯ નું હાજરીપત્રક (કંડલા ) | | ૫૭ |
| ૧૧ | તા. ૧/૨/૦૯ થી તા. ૩૧/૭/૦૯ નું હાજરીપત્રક (ઓફીસ સ્ટાફ) | | ૫૮ |
| ૧૨ | તા. ૨/૨/૦૯ થી તા. ૧૬/૧/૧૧ નું હાજરીપત્રક (કંડલા) | | ૫૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | તા. ૧/૮/૦૯ થી તા. ૧૫/૮/૧૦ નું હાજરીપત્રક (ઓફીસ સ્ટાફ) | | ૬૦ |
| ૧૪ | તા. ૨૫/૦૧/૧૦ થી તા. ૧૧/૧૨/૧૧ નું હાજરીપત્રક (જી.આઈ.ડી.સી.) | | ૬૧ |
| ૧૫ | તા. ૧૬/૮/૧૦ થી તા. ૧૨/૯/૧૧ નું હાજરીપત્રક (ઓફીસ સ્ટાફ) | | ૬૨ |
| ૧૬ | તા. ૧૬/૧/૧૧ થી તા. ૨૫/૧૧/૧૨ નું હાજરીપત્રક (સીઆરએલ) | | ૬૩ |
| ૧૭ | તા. ૧૭/૧/૧૧ થી તા. ૧૨/૧૨/૧૨ નું હાજરીપત્રક (કંડલા) | | ૬૪ |
| ૧૮ | તા. ૧૩/૯/૧૧ થી તા. ૧૧/૮/૧૩ નું હાજરીપત્રક (ઓફીસ સ્ટાફ) | | ૬૫ |
| ૧૯ | તા. ૧૨/૧૨/૧૧ થી તા. ૨૨/૧૦/૧૩ નું હાજરીપત્રક (જી.આઈ.ડી.સી.) | | ૬૬ |
| ૨૦ | જાન્યુઆરી–૦૯ થી ડીસેમ્બર–૦૯ નું પગારપત્રક (ગાંધીધામ સ્ટાફ) | | ૬૭ |
| ૨૧ | જાન્યુઆરી–૧૦ થી ડીસેમ્બર–૧૦ નું પગારપત્રક (ગાંધીધામ સ્ટાફ) | | ૬૮ |
| ૨૨ | જાન્યુઆરી–૧૧ થી ડીસેમ્બર–૧૧ નું પગારપત્રક (ગાંધીધામ સ્ટાફ) | | ૬૯ |
| ૨૩ | જાન્યુઆરી–૦૯ થી ડીસેમ્બર–૦૯ નું પગારપત્રક (ફીકસ ટર્મ રીટેનરશીપ એમ્પ્લોઈ) | | ૭૦ |
| ૨૪ | જાન્યુઆરી–૧૦ થી ડીસેમ્બર–૧૦ નું પગારપત્રક (ફીકસ ટર્મ રીટેનરશીપ એમ્પ્લોઈ) | | ૭૧ |
| ૨૫ | જાન્યુઆરી–૧૧ થી ડીસેમ્બર–૧૧ (ફીકસ ટર્મ રીટેનરશીપ એમ્પ્લોઈ) | | ૭૨ |

**૧૦. <u>સામાવાળા તરફે રજુ થયેલ મૌખિક પુરાવો</u> :–**

સંસ્થાના સાક્ષી અજય થાવરદાસ તોલાનીનું પુરાવાનું સોગંદનામુ આંક–૭૪
આંક–૭૬ થી સામાવાળા તરફે કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

**૧૧.** આંક–૭૭ થી અરજદાર તરફે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધી. તેમજ દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

૧. **૧૯૮૯ લેબ આઈ.સી. ૨૮૯ નામ. દિલ્હી હાઈકોર્ટ, ધી મેનેજમેન્ટ, ધી કો–ઓપરેટીવ સ્ટોર લી. વિરૂધ્ધ વેદપ્રકાશ ભાંબરી.**

**૨. સીવીલ અપીલ નં. ૩૪૪૩/૨૦૦૬ નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા, સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ દિલબાગ સિંઘ.**

**૩. સીવીલ અપીલ નં. ૫૮૭/૨૦૧૦ નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા, હરજીન્દરસિંઘ વિરૂધ્ધ પંજાબ સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન.**

**૪. સીવીલ રીટ પીટીશન નં. ૯૯૧૯/૨૦૦૦ એકઝીકયુટીવ ઈન્જીનીયર, પબ્લીક વર્ક ડીપાર્ટમેન્ટ પબ્લીક હેલ્થ ડીવીઝન ફતેહાબાદ વિરૂધ્ધ રામકરણ.**

**૧૨.** આંક–૭૮ થી સામાવાળા તરફે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધી.

**૧૩.** સમગ્ર કેસનું રેકર્ડ, સામાવાળા તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા કેસના ન્યાય નિર્ણય માટે નીચેના મુદદા ઉપસ્થિત થાય છે.

**૧૪. <u>મુદા</u> :–**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે તેઓ પડેલા દિવસોના પુરા પગાર તથા તમામ પ્રકારના આનુસાંગિક તમામ લાભો સાથે તથા તમામ અન્ય મળવાપાત્ર લાભો સાથે સળંગ નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે. ?

૨. આખરી શું હુકમ ?

**<u>મુદા નં. ૧ :–</u>**

અરજદાર તરફે એવી રજુઆત છે કે, આ કામના અરજદાર સામાવાળાને ત્યાં સને ૧૯૯૨ ની સાલમાં કેઝયુલ કામદાર તરીકે નોકરીમાં જોડાયેલ ત્યારથી એકધારી અને સળંગ નોકરી કરતા હતા. અરજદાર છેલ્લે સર્વે આસી. (૨) ના હોદા ઉપર ફરજ બજાવતા હતા. આ કામના અરજદારને સામાવાળા તરફથી તા. ૯/૭/૨૦૦૯ ના રોજ ''તમારી નોકરીના હકક હિસ્સા લઈ લો. બ્રાંન્ચ બંધ થાય તેમ છે અને તેમ નહી કરો તો નાઈલાજે તમોને છુટા કરવા પડશે. '' આ રીતે ભય બતાવી અરજદાર પાસે આ જ તારીખે એટલે કે તા. ૯/૭/૦૯ ના રોજ લખાણ લઈ કામદારોને મજબુર કરવામાં આવેલ અને ગેરનિરૂપણ કરી અરજદારની નોકરીના હકક હિસ્સા છીનવી લીધેલા છે અને આ જ તારીખે છુટા કરેલા છે.

સામાવાળા તરફે અરજદારની આ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, સામાવાળા કંપની દવારા વી.આર.એસ. માટેની સ્કીમ બહાર પડતા અરજદારોએ સ્વેચ્છાએ અરજી કરેલ. અરજદારોની વી.આર.એસ. લેવા માટેની અરજી મંજુર થતાં ચુકવવાપાત્ર તમામ રકમ ચુકવી દીધેલ અને તે બાબતના દસ્તાવેજી પુરાવા અમો સામાવાળા તરફે રજુ કરેલા છે. અરજદારોને ચેકથી નાણાં ચુકવેલા છે તેની રીસીપ્ટ પણ આ કામે રજુ કરેલ છે.

આ બાબતે જોઈએ તો સામાવાળા તરફે વી.આર.એસ. સ્કીમ બહાર પાડી તેની નકલ, તે સ્કીમ અન્વયે અરજદારે વી.આર.એસ. સ્કીમ સ્વિકારવા માટે કરેલી અરજી, અરજી સંદર્ભે સામાવાળા કંપનીએ અરજદારને લખેલ પત્રની નકલ તથા અરજદારને વી.આર.એસ. સ્કીમ તળે ચુકવેલ રકમની રીસીપ્ટ અને ડેકલેરેશનની નકલ તથા અરજદારને કુલ ટોટલ ચુકવેલ રકમના લીસ્ટની નકલ રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજો ઘ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ છે કે, અરજદારોએ સ્વેચ્છાએ વી.આર.એસ. સ્કીમનો લાભ લેવા અરજી કરેલ અને તે મુજબ નાણાં સ્વિકારેલ છે. તેઓએ આ નાણાં સ્વિકાર્યા બાદ એ.સી.એલ. સમક્ષ ફરીયાદ તા. ૨૩/૩/૧૧ ના રોજ કરેલ છે. જો કંપનીએ સને ૨૦૦૯ માં ખોટી રજુઆત કરી લખાણ લખાવી લીધેલ હોય તો શા માટે તેઓએ સને ૨૦૧૧ સુધી કોઈ કાર્યવાહી કરી નહીં તે બાબતે તેઓએ કોઈ ખુલાસો કરેલ નથી. અરજદારે ઉલટતપાસમા એ હકીકત પણ ખરી હોવાનું જણાવેલ છે કે સને ૨૦૦૯ થી સને ૨૦૧૧ સુધીમાં કંપનીમાં કોઈ લેખિત પત્ર વ્યવહાર કરેલ નથી.

વધુમા અરજદાર તરફે દલીલ કરવામાં આવેલ છે કે, આંક–૪૮ થી મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ રજુ છે તેમાં આ કામના અરજદારની સહી નથી. તે બાબતે સામાવાળા તરફે રજુઆત કરવામાં આવેલ છે કે,સામાવાળા કંપનીના કર્મચારી મંડળના પ્રેસીડેન્ટે સહી કરેલ છે અને અરજદારે ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, કંપની સાથે સમાધાન થયેલ અને તે મુજબ તેઓએ લાભો મેળવેલા છે. આથી અરજદાર તરફે કરવામાં આવેલ આ દલીલ માની શકાય નહીં.

વધુમાં અરજદાર તરફે ઉલટતપાસમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળાએ વી.આર.એસ. સ્કીમની અમોને જાણ કરેલ ન હતી. બેંકમાં એન્ટ્રી કરાવવા જતા સામાવાળાએ બેંકમાં અમારા એકાઉન્ટમાં પૈસા જમા કરાવ્યા છે તેની જાણ થયેલી. આ રકમ જમા થવા બાબત કંપનીમાં પુછપરછ કરતા કંપની બંધ થવાની છે તમારે પૈસા લેવા હોય તો લો તેવું જણાવેલ.

આ બાબતે જોઈએ તો અરજદારે આવી કોઈ હકીકત માગણાના નિવેદનમાં જણાવેલ નથી. સામાવાળાએ રજુ કરેલ રીસીપ્ટ માર્ક ૧૫/૬ જે આંક–૫૩ થી રજુ છે તે જોતા અરજદારને નાણાં ચેકથી ચુકવેલ છે અને તેમા ચેક નંબર લખેલ છે. આ રીસીપ્ટમાં અરજદારની રેવન્યુ સ્ટેમ્પ ઉપર સહી પણ છે. આમ કંપનીએ ડાયરેકટ તેઓના એકાઉન્ટમા પૈસા જમા કરાવ્યા અને વી.આર.એસ. સ્કીમની જાણ ન હતી તેવી હકીકત માની શકાય નહીં.

વધુમાં અરજદાર દલીલ કરતા જણાવેલ છે કે, અન્ય કામદારોની ભરતી પણ કરેલ છે અને કોન્ટ્રાકટ ઉપર પણ કામદારોને રાખેલ છે તે જોતા સદર કંપની નફો કરતી હતી આમ અન્ય કામદારોની ભરતી કરતા પહેલા હાલના અરજદારને નોકરીમાં તક આપવી જોઈએ.

તે બાબતે જોઈએ તો અરજદાર વી.આર.એસ. લઈને છુટા થયા બાદ કંપનીને જરૂર હોય ત્યારે કામદારોની ભરતી કરી શકે તે વખતે વી.આર.એસ. લીધેલા કર્મચારીને પ્રથમ બોલાવવા એવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી.

અરજદાર તરફે એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે કંપની દવારા લેવામા આવતા કોઈ પગલાની અસર કામદારની નોકરી ઉપર થાય તેમ હોય ત્યારે ફેરફારની નોટીસ આપવી જરૂરી છે. આઈ.ડી. એકટની કલમ–૯ (એ) મુજબની નોટીસ અરજદારોને કંપની દવારા આપેલ નથી. કંપની દવારા ખોટી રજુઆત કરી અરજદારને વી.આર.એસ. આપી છુટા કરેલ છે આથી ચોથી અનુસુચિ અનુક્રમ નં. ૧૦ અને ૧૧ મુજબનો ફેરફાર કંપની દવારા કરવામાં આવેલ ગણાય. આથી તે બાબતે કોઈ ફેરફાર માટે કામદારને કલમ–૯ (એ) મુજબ નોટીસ આપવી જોઈએ.

આ બાબતે કાયદાકીય જોગવાઈ જોઈએ તો ચોથી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી કોઈપણ બાબત અંગે કોઈ કામદારને લાગુ પડતી સેવાની શરતોમાં જયારે માલીક દવારા ઈન્કાર કરવામાં આવે ત્યારે આઈ.ડી. એકટની કલમ–૯ (એ) મુજબ નોટીસ આપવાની હોય છે.

ચોથી અનુસુચિ અનુક્રમ નં. ૧૦ માં જેના પરીણામે કામદારોની છટણી થવાનો સંભવ હોય એવું રેશનાઈલિઝેશન, અથવા પ્લાન્ટ કે ટેકનિકનું સ્ટાન્ડર્ડાઈઝેશન કે સુધારો.

અનુક્રમ નં. ૧૧ માં કોઈ કામગીરી પ્રક્રિયા અથવા ખાતા અથવા પાળીમાં કામે રાખેલ અથવા રાખવાની વ્યકિતઓની સંખ્યામાં માલિકના કાબુ બહારના સંજોગોને લીધે થયો ન હોય એવો (આકસ્મિક ન હોય એવો) વધારો અથવા ઘટાડો.

ઉપરોકત ચોથી અનુસુચિ ના અનુક્રમ નં. ૧૦ અને ૧૧ ની જોગવાઈ જોઈએ તો તેમા કામદારની છટણી થાય એવો કોઈ ફેરફાર કંપની દવારા કરવામાં આવે અથવા તો કામદારોની સંખ્યામાં ફેરફાર માલિકના કાબુ બહારના સંજોગોને લીધે ન થયો હોય તે બાબતની છે. જયારે હાલના કેસમાં અરજદારોએ સ્વેચ્છાએ વી.આર.એસ. સ્કીમનો લાભ લેવા અરજી કરેલ અને તે મંજુર થતા તે અન્વયે કંપનીએ અરજદારને ચુકવવાપાત્ર થતી રકમ ચુકવી આપેલ. આથી અરજદારની છટણી કંપની દવારા કરેલ નથી આથી અરજદારની આ દલીલ માની શકાય નહીં.

અરજદાર તરફે વિદવાન વકીલશ્રી દલીલ કરતા જણાવે છે કે આ કામના અરજદારને અયોગ્ય મજુરપ્રથા આચરી છુટા કરેલ છે અને પાંચમી અનુસુચિમાં અનુક્રમ નં. ૫–૭ અને ૯ માં જણાવ્યા મુજબ અરજદારોને અન્યાય કરેલ છે.

પાંચમી અનુસુચિ અનુક્રમ નં. ૫–૭– અને ૯ ની જોગવાઈ ઘ્યાને લેતા સામાવાળા કંપની દવારા કામદારોને ભોગ બનાવી ખોટી રીતે માલીકી હકકો વાપરેલા હોય કે અરજદારની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદદાનતથી બદલી કરી હોય કે ગુણદોષને ઘ્યાનમાં લીધા સિવાય કામદારોના કોઈ એક વર્ગની તરફેણ કરી હોય એવા કોઈ પુરાવા અરજદાર તરફે રજુ કરેલ નથી. આથી અરજદાર તરફે કરવામાં આવેલ આ દલીલ પણ માની શકાય એમ નથી.

અરજદાર તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, સદર કામે રજુ માર્ક ૧૫/૩ આંક–૫૦ થી રજુ વી.આર.એસ. સ્કીમની નકલ રજુ છે તે જોતા જે કામદારોએ ૪૦ વર્ષની ઉમર પુરી કરી હોય તેવા કામદારોને વી.આર.એસ. સ્કીમનો લાભ આપી શકાય. આ કામે અરજદારની ઉંમર બાબતે

સામાવાળાએ કોઈ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધેલ નથી.

આ બાબતે સામાવાળા તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, ૧૫/૩ આંક–૫૦ થી રજુ વી.આર.એસ. સ્કીમની નકલમાં જે કામદારોએ ૪૦ વર્ષની ઉમર પુરી કરી હોય અથવા તો નોકરીમાં ૧૦ વર્ષ પુરા કરેલ હોય તેવા કામદારોને વી.આર.એસ. સ્કીમનો લાભ મળવાપાત્ર છે. હાલના કેસમાં અરજદારે પોતે સામાવાળાને ત્યાં ૧૯૯૨ ની સાલમાં કેઝયુલ કામદાર તરીકે નોકરીમાં જોડાયેલ હોવાનું જણાવેલ છે અને અરજદાર તરફે રજુ નિમણુંકનો પત્ર જે સામાવાળા કંપની દવારા આપવામાં આવેલ છે તેની નકલ રજુ કરેલ છે તે જોતા પણ આ કામના અરજદારને તા. ૧/૧/૯૯ ના રોજ કાયમી નિમણુંક આપવામાં આવેલ. આમ ૪૦ વર્ષની ઉમર પુરી ન કરી હોય તો પણ કંપનીમાં ૧૦ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા કામદારોને આ સ્કીમનો લાભ મળી શકે અને આ કામના અરજદાર ૧૦ વર્ષ કરતા વધુ સમયથી સામાવાળા કંપનીમાં ફરજ બજાવતા હોવાનું પુરવાર થાય છે. આથી અરજદાર તરફે કરવામાં આવેલ આ દલીલ પણ માની શકાય નહીં.

અરજદાર તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, સામાવાળાએ આઈ.ડી. એકટની કલમ–૨૫ (ટી) ની જોગવાઈનો ભંગ કરી અનફેર લેબર પ્રેકટીસ આચરેલ છે.

આ બાબતે આઈ.ડી. એકટની કલમ–૨૫ (ટી) ની જોગવાઈ જોઈએ તો કોઈપણ માલિક અથવા કામદાર અથવા ટ્રેડ યુનિયન અધિનિયમ, ૧૯૨૬ (સન ૧૯૨૬ ના ૧૬ મા) હેઠળ રજીસ્ટર થયેલ હોય કે ના હોય તેવું ટ્રેડ યુનિયન કોઈપણ અયોગ્ય મજુર પ્રથા આચરી શકશે નહીં.

આ બાબતે જોઈએ તો સદર કામે મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટમાં કામદારો વતી તેઓના યુનિયનના પ્રેસીડેન્ટે સહી કરેલ છે અને અરજદારે પોતાના પુરાવાના સોગંદનામાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કર્મચારીઓ વતી જે સમાધાન કરેલ તે મુજબના લાભ તેઓએ મેળવેલ છે. આમ અરજદારની આ દલીલ પણ માની શકાય તેમ નથી.

અરજદાર તરફે પોતાની દલીલોના સમર્થનમાં **૧૯૮૯ લેબ આઈ.સી. ૨૮૯ નામ. દિલ્હી હાઈકોર્ટ, ધી મેનેજમેન્ટ, ધી કો–ઓપરેટીવ સ્ટોર લી. વિરૂધ્ધ વેદપ્રકાશ ભાંબરી.**નો ચુકાદો રજુ કરી જણાવેલ છે કે, અત્રેની ટ્રીબ્યુનલને સેટલમેન્ટ ઈનવેલીડ ઠરાવવાની સત્તા છે.

આ બાબતે આઈ.ડી. એકટની કલમ–૨ (પી) જોઈએ તો કોઈ કપટ, ગેર રજુઆત કે લાગવગના બનાવથી અથવા તો પ્રતિનિધિએ પોતાના અંગત હિતને ધ્યાનમાં લઈ કરેલુ સમાધાન રદ કરી

શકાય. હાલના કેસમાં અરજદારે વી.આર.એસ.લીધેલ છે અને તે મુજબના લાભો પણ મેળવેલ છે . આથી આ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત હાલના કેસની હકીકતોને લાગુ પડી શકે નહીં.

અરજદાર તરફે પોતાની દલીલના સમર્થનમાં **સીવીલ અપીલ નં. ૩૪૪૩/૨૦૦૬ નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા, સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ દિલબાગ સિંઘ.** તથા **સીવીલ અપીલ નં. ૫૮૭/૨૦૧૦ નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા, હરજીન્દરસિંઘ વિરૂધ્ધ પંજાબ સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન તથા સીવીલ રીટ પીટીશન નં. ૯૯૧૯/૨૦૦૦ એકઝીકયુટીવ ઈન્જીનીયર, પબ્લીક વર્ક ડીપાર્ટમેન્ટ પબ્લીક હેલ્થ ડીવીઝન ફતેહાબાદ વિરૂધ્ધ રામકરણ** નો ચુકાદો રજુ કરી જણાવેલ છે કે, સામાવાળા કંપનીએ આઈ.ડી. એકટની કલમ–૨૫ (જી) કલમ–૨૫ (એચ) નો ભંગ કરેલ છે આથી અરજદાર ફુલ બેકવેજીસ સાથે પુન:સ્થાપનની દાદ મેળવવા હકકદાર છે

આ બાબતે જોઈએ તો હાલના અરજદારની કંપની દવારા કોઈ છટણી કરવામાં આવેલ નથી. અરજદારે સ્વેચ્છાએ વી.આર.એસ. સ્કીમનો લાભ મેળવવા અરજી કરેલ અને તે મુજબ મળવાપાત્ર લાભોની રકમ સ્વિકારેલ છે. આથી સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત હાલના કેસની હકીકત જોતા લાગુ પડી શકે તેમ નથી.

વધુમાં અરજદારે સને ૨૦૦૯ માં વી.આર.એસ સ્કીમ હેઠળ અરજી કરી અને વી.આર.એસ. ના નાણાં સ્વિકાર્યા બાદ સને ૨૦૧૧ માં એ.સી.એલ.માં ફરીયાદ કરેલ છે. આમ સામાવાળા કંપનીએ તેઓને ખોટી રજુઆત કરી છુટા કરેલ હોવાની હકીકત માની શકાય તેમ નથી.

વધુમાં અરજદાર પોતે વી.આર. એસ. લઈ છુટા થયેલ છે. આ કામના અરજદારની છટણી કરવામાં આવી નથી. આ સંજોગોમાં તેઓના માગણાના નિવેદનના પેરા નં. ૭ માં જણાવ્યા મુજબ નોટીસ પગાર કે બેકારી વળતર ચુકવવાનો પ્રશ્ન રહેતો નથી. તેમજ આઈ.ડી. એકટની કલમ–૨ (એસ) માં જણાવેલ કામદારની વ્યાખ્યા ધ્યાને લેતા તે મુજબ આ કામના અરજદાર હાલ સામાવાળા કંપનીના કામદાર ગણાય નહીં તે હકીકત પણ ધ્યાને લેવી જોઈએ. આથી આ કામના અરજદાર પડેલા દિવસોના પુરા પગાર તથા તમામ પ્રકારના આનુસાંગિક તમામ લાભો સાથે તથા તમામ અન્ય મળવાપાત્ર લાભો સાથે સળંગ નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થતા નથી.

ઉપરોકત સંજોગો અને કારણો ઘ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

૧. અરજદારનો રેફરન્સ કેસ નં. ૫૧/૨૦૧૧ નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આંક-૨૯ ની અરજી ઉપર થયેલ હુકમ મુજબ અરજદારે નામ. કોર્ટ સમક્ષ જમા કરાવેલ રકમ જમા થયેલ વ્યાજ સહીત પરત મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. પક્ષકારોએ ખર્ચ પોતપોતાનો ભોગવવો.

૪. સદર રેફરન્સ સરકારી ગેઝેટમાં પ્રસિઘ્ધ કરવો.

તા. ૨૮/૦૩/૨૦૨૨
ગાંઘીઘામ-કચ્છ.

(Ms. Patel Parshavika Madhusudanbhai)
Judge,Labour Court,
Gandhidham-Kachchh.
GJ-01267.